નવેમ્બર-૨૦૨૫

# પેન્શનર્સ પ્રકાશ

Dear Friends,

As we enter the autumn years of life, the question often arises: how do we preserve not only our physical health, but our mental vibrancy, our sense of purpose, and our inner strength? A recent article on the blog of The/ Expert/ Editor — titled "Psychology says people who stay mentally strong in their 80s share these 8 small routines" — gives us a helpful, hopeful roadmap.

Below, I summarise the eight routines and reflect on how we, as pensioners and members of this community, might embrace them to live not just longer but richer, more meaningful lives.

### 1. Stay socially connected

The article emphasises that "loneliness is toxic". Those who remain mentally strong well into their eighties are rarely isolated — they keep in touch with family, old friends, neighbours, even casual acquaintances.

**Take-away for us:** Let's make a conscious effort to keep our social network alive. A weekly chat, a cup of tea with an old friend, taking part in Association activities — these matter.

**Practical tip:** Perhaps we can start a "buddy call" roster within the Association: each member calls one other member every week, just to catch up.

### 2. Keep moving every single day

Movement need not mean marathons or heavy gym-sessions. The key is consistency. A steady walk, gentle stretching, perhaps some light gardening — all help both body and mind.

**Take-away:** We may have physical limitations — and that's okay — but doing something daily (rather than nothing) helps.

**Practical tip:** Let's set up a short "morning walk group" or "park stretch" group—just 20-30 minutes around our neighbourhood, maybe 3-4 times a week.

### 3. Keep learning new things

One of the strongest messages: the brain doesn't retire. The concept of neuroplasticity — that our brain can form new connections even in old age — is real. Whether it's a new app, a musical instrument, painting, or simply reading about a new subject — the act of challenge keeps us mentally alert.

**Take-away:** Let's remain curious. Our pension years can indeed be a time of fresh learning rather than winding down.

**Practical tip:** As an Association, we might organise short "learning-sessions" — e.g., a monthly "new skill" workshop: digital photography, smartphone basics, creative writing, even a book club.

### 4. Practice gratitude and mindfulness

The article notes that strong mental-health in advanced age goes hand in hand with focusing more on what one has, rather than what one's lost. Simple habits such as noting three things you're grateful for at the end of each day can shift mindset.

**Take-away:** We cannot change past – but we can change how we engage with the present.

**Practical tip:** Why not start a "gratitude journal" initiative within our membership? Each member should writes (or records) one good thing each day (or each week) and we share highlights in our next magazine or meeting.

### 5. Challenge negative thinking

As we age, it's tempting to think "My best years are behind me", "I'm too old for that". The article calls this "cognitive reframing" — changing "I can't" into "I can still, maybe in a different way".

**Take-away:** Age may bring physical changes, but our mindset can remain flexible and resilient.

**Practical tip:** At an upcoming meeting we might have a short discussion: "What new thing did I try this

વર્ષ-૧૮ ● અંક : ૧૧
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

month?" or "What negative thought did I catch and turn around?" Encouraging each other to re-frame.

### 6. Nurture a sense of purpose

Retirement can lead to too much free time — and with free time without direction, one can feel adrift. The article emphasises that those who stay mentally strong in their 80s often have something meaningful they do: volunteering, mentoring, gardening, caring for pets.

**Take-away:** Purpose doesn't have to be grand. Small but consistent contributions matter.

**Practical tip:** Let the Association catalogue "micro-volunteering" opportunities: helping a fellow member with errands, mentoring youth, or participating in local community care — and we are highlighting these acts in our magazine.

### 7. Maintain a healthy relationship with technology

Technology can feel daunting — but those who age well tend to use it as a tool, not a trap. The article notes that using video-calls to stay connected is far more helpful than endless scrolling through social media.

**Take-away:** It's never too late to learn new tech, and doing so keeps us engaged and linked to changing society.

**Practical tip:** We might run a "tech-help desk" during our monthly meeting: someone shows how to use WhatsApp video, or how to set up an email account, or how to share photos with grandchildren.

### 8. Laugh and don't take life too seriously

Finally, the article advocates for humour. Laughter releases feel-good hormones, lowers stress, helps break the grip of fear and regret. Strong mental health in later years doesn't mean being grave and serious — it means finding joy, lightness, and the positivities in life.

**Take-away:** Let's allow ourselves to enjoy life, to laugh even at our foibles, to share humorous moments with each other.

**Practical tip:** Perhaps in our next magazine edition we can have a "Humour corner" — members share a funny anecdote, a joke, or a light-hearted reflection.

### Closing Thoughts

These eight routines are not rocket science — but they are powerful. They remind us that ageing well is less about adding years to life, and more about adding life to years. The article closes with the question: "Which of these routines will you start today?"

**My suggestion to you all:** pick one (or two) routines that resonate with you, try them for the next month, and then let's share our experiences at our next Association meeting. Let's help each other stay not just active and healthy, but mentally resilient, socially connected, purposeful and joyful.

**Kamal Kadri-Editor**

---

પ્રિય મિત્રો,

જ્યારે આપણે વયમાં જીવનની સદી તરફ પ્રયાણ કરીએ છીએ, ત્યારે વારંવાર એક પ્રશ્ન ઉભો થયા છે : આપણે માત્ર શારીરિક સ્વાસ્થ્ય જ નહીં, પરંતુ માનસિક ચેતના, જીવનનો હેતુ અને આંતરિક શક્તિ કેવી રીતે જાળવી શકીએ ? The Expert Editor નામના બ્લોગ પર "Psychology says people who stay mentally strong in their 80s માં આ આઠ દિનચર્યા એ શીર્ષકનો લેખ આ બાબતમાં એક આશાવાદી પથદર્શક બને છે.

નીચે આ આઠ દૈનિક સંક્ષિપ્તમાં સંકલિત કરીને આપણે પેન્શનર્સના આ સમુદાયના સભ્ય તરીકે કેવી રીતે તેને અપનાવી શકીએ કે જેથી માત્ર લાંબું નહીં પણ વધુ અર્થપૂર્ણ અને સમૃદ્ધ જીવન જીવી શકીએ તે બાબત અંગે વિચારો વ્યક્ત કરવામાં આવ્યા છે.

### સામાજિક રીતે જોડાયેલા રહો :

લેખમાં જણાવાયું છે કે 'એકલતા ઝેર સમાન છે'. જે લોકોએ ૮૦ની વયમાં પણ માનસિક રીતે મજબૂત રહેવાનું ચાલુ રાખ્યું છે તેઓ ભાગ્યે જ એકલા હોય છે. તેઓ પરિવાર, જૂના મિત્રો, પડોશી કે પરિચિત સ્નેહી સાથે સતત સંપર્કમાં રહે છે.

**ઉપદેશ :** ચાલો આપણે આપણા સામાજિક સંબંધોને જીવંત રાખવાનો સજાગ પ્રયત્ન કરીએ. સપ્તાહમાં જુના સંબંધી સાથે વાતચીત, જૂના મિત્ર સાથે મુલાકાત કે એસોસિયેશનની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો.... આ બધું મહત્ત્વનું છે.

ઉપયોગી સૂચન : એસોસિયેશનમાં 'બડી કોલ' સિસ્ટમ શરૂ કરીએ જ્યાં દરેક સભ્ય દર અઠવાડિયે એક બીજા સભ્યને ફોન કરે.

### દરરોજ થોડું ચાલવાનું રાખો

ચાલવું એટલે મેરેથોન કે ભારે વ્યાયામ નહીં. મુખ્ય બાબત છે નિયમિતતા. દૈનિક ૨૦ થી ૩૦ મિનિટ ચાલવું. હળવા સ્ટ્રેચ અથવા થોડી બાગબગીચાની પ્રવૃત્તિ શરીર અને મન બંને માટે ઉત્તમ છે.

**ઉપદેશ :** શારીરિક મર્યાદાઓ હોવી સ્વાભાવિક છે, પરંતુ કંઈક કરવું, કશું નહિ કરવું એ કરતાં સારું.

**ઉપયોગી સૂચન** : 'મોર્નિંગ વોક ગ્રુપ' કે 'પાર્ક સ્ટ્રેચ ગ્રુપ'માં જોડાઈએ.

**નવું શીખવાનું ક્યારેય બંધ ન કરો :**

મગજ ક્યારેય નિવૃત્ત થતું નથી. ન્યુરોપ્લાસ્ટિસિટી એ સાબિત કરે છે કે વૃદ્ધાવસ્થામાં પણ નવા સંબંધો બનતા રહે છે. નવી એપ, સંગીત, ચિત્રકામ, ફોટોગ્રાફી કે કોઈ નવી માહિતી માટે વાંચન... આ બધું મનને સતર્ક અને ચેતનવંતુ રાખે છે.

**ઉપદેશ** : જિજ્ઞાસુ રહો. નિવૃત્તિ નવું શીખવા માટે અવસર બને એ જુઓ.

**ઉપયોગી સૂચન** : એસોસિયેશનમાં દર મહિને 'નવો કૌશલ્ય' કે નવ જ્ઞાન વર્કશોપ યોજવો.

**કૃતજ્ઞતા અને માઈન્ડફુલનેસ અપનાવો :**

આપણી પાસે શું છે એ પર ધ્યાન કેન્દ્રિત થવાથી માનસિક સ્વાસ્થ્ય સારું રહે છે. દરરોજ જે છે એ બાબતો માટે આભાર વ્યક્ત કરવાથી વિચારશ્રેણીમાં સકારાત્મક ફેરફાર આવે છે.

**ઉપદેશ** : ભૂતકાળ બદલી શકતા નથી, પરંતુ વર્તમાનને કેવી રીતે જીવીશું તે બદલી શકીએ.

**ઉપયોગી સૂચન** : 'ગ્રેટિટ્યુડ જર્નલ'માં જોડાઈએ અને તેના અનુભવ શેર કરીએ.

**નકારાત્મક વિચારોને પડકારો :**

'મારા સારા વર્ષો પૂરા થઈ ગયા' કે 'હું હવે આ કરી શકતો નથી' જેવા વિચારો સામાન્ય છે. તેને 'કોગ્નિટિવ રિફ્રેમિંગ' કહે છે, એટલે કે 'હું નથી કરી શકતો' ને 'હું કરી શકું છું પણ, જુદી રીતે'માં બદલવું.

**ઉપદેશ** : ઉંમર બદલાય પણ મનની સ્વસ્થતા જાળવી શકાય.

ઉપયોગી સૂચન : મિટીંગમાં 'આ મહિને નવું કર્યું ?' જેવી ચર્ચા કરીએ.

**જીવનમાં હેતુ જીવંત રાખો :**

સમય મળે ત્યારે માનસિક ખાલીપણું લાગે છે. એવું ન થવા દો. સેવાકાર્ય, માર્ગદર્શન, બાગબગીચા, પાળતું પ્રાણીઓની સંભાળ... નાનકડો હેતુ જેવા કામોમાં વ્યસ્ત રહો.

**ઉપદેશ** : નાના અને નિયમિત યોગદાન ખૂબ મૂલ્યવાન છે.

**ઉપયોગી સૂચન** : એસીસિયેશનમાં 'માઈક્રો-વોલન્ટિયરિંગ' અવસરોની યાદી બનાવવી.

**ટેકનોલોજી સાથે સ્વસ્થ સંબંધ રાખો :**

ટેક્નોલોજી ક્યારેક મુશ્કેલ લાગે. પણ યોગ્ય રીતે સમજીને ઉપયોગ કરીએ તો તે જીવંત રાખે છે. સોશિયલ મીડિયા પર વિનામૂલ્યે સ્ક્રોલ કરતાં વિડિયો કોલ વધુ લાભકારી.

**ઉપદેશ** : નવી ટેકનોલોજી શીખવી ક્યારેય એ મોડું નથી હોતું.

**ઉપયોગી સૂચન** : મિટીંગમાં ટેક-હેલ્પ ડેસ્ક રાખવું.

**હસો અને જીવનને હળવું રાખો :**

હાસ્ય તણાવ ઘટાડે છે અને ખુશીની લાગણીઓ વધારે છે. વૃદ્ધાવસ્થામાં ગંભીરતા નહિ, આનંદ મહત્ત્વનો.

**ઉપદેશ** : પોતાની ભૂલો પર પણ હસતાં શીખીએ અને ખુશી વહેંચીએ.

**ઉપયોગી સૂચન** : મેગેઝિનમાં 'હ્યુમર કોર્નર' શરૂ કરીએ.

**અંતિમ વિચાર :**

આ આઠ દૈનિક આદતો કે જીવન શૈલીનું કોઈ રોકેટ વિજ્ઞાન નથી, પરંતુ અત્યંત મદદરૂપ અને શક્તિશાળી છે. જીવનમાં વર્ષો ઉમેરવા કરતાં વર્ષોમાં જીવન ઉમેરવાનો એ મંત્ર છે. લેખ એ પ્રશ્ન સાથે પૂર્ણ થાય છે : 'આમાંથી તમે આજથી કઈ આદત શરૂ કરશો?'

**અમારું સૂચન** : જે બે રૂટીન તમને અનુકૂળ હોય તે અજમાવો. પછી આગળની મિટીંગમાં એકબીજા સાથે અનુભવ શેર કરીશું. ચાલો સૌ મળીને શારીરિક રીતે જ નહીં પણ માનસિક રીતે સશક્ત, સામાજિક રીતે જોડાયેલા અને હેતુપૂર્ણ જીવન માણીએ.

**કમાલ કાદરી-સંપાદક**

SBI

DENTAL CARE IMPLANT AND LASER CENTER

DR.DEVAL TRIVEDI

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM - 3:00 PM | 5:00 PM - 8:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS AND THIER FAMILY MEMBERS,AHMEDABAD

# કારોબારી કમિટિની મિટીંગ વડોદરા ખાતે યોજાઈ



એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનની કારોબારી સમિતિની મિટીંગ સંસ્કારીનગરી, વડોદરાના આંગણે તા.૧૬-૧૧-૨૦૨૫ના રોજ એસબીઆઇ ટ્રેનિંગ સેન્ટર, વડોદરાના એજીએમશ્રીના સહયોગથી એસબીએલડીના હોલમાં યોજાઈ.

આ મિટીંગના દિવસે જોગાનુજોગ આપણાં સૌના પ્યારા પ્રમુખશ્રી આર. એન. ચોક્સીનો જન્મદિવસ હોઈ એની ખાસ ઉજવણી કરવામાં આવી. સૌ કોઈની ઉપસ્થિતિમાં કેક કાપી, અગણિત શુભકામનાઓની વર્ષાઓથી ભીંજવીને ઉજવણી કરવામાં આવી. પ્રમુખશ્રી આર. એન. ચોક્સીએ એમના જન્મદિવસની ઉજવણી બાબતે સૌનો દિલથી આભાર વ્યક્ત કર્યો.

**એસબીઆઈપીએના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી**એ સ્વાગત પ્રવચન દ્વારા મિટીંગની શરૂઆત કરી. એસોસિયેશનના આમંત્રણને માન આપી ખાસ ઉપસ્થિત રહેલ એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના પૂર્વ પ્રેસિડેન્ટ શ્રી ભરતસિંહ ચૌહાણ તથા પૂર્વ જનરલ સેક્રેટરી શ્રી હેમંત આચાર્ય ઉપરાંત અમદાવાદથી પધારેલ બહેનો હેમાબેન અને ભાવનાબેનનો ખાસ ઉલ્લેખ કરી સ્વાગત કર્યુ હતું. વધુમાં તેમણે જણાવ્યું કે કેટલાક પ્રશ્નો એવા હોય છે જેને આપણાં પ્રયત્નોથી સોલ્યુશન લાવી શકીએ. હાલમાં લાઈફ સર્ટીફીકેટ સબમીટ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. તેમાં વધું પ્રયત્ન કરીએ. અત્યારે આપણે નંબર વન છીએ. આપણાં એસોસિયેશનના સક્રિય સભ્યો પેન્શનરોને ત્યાં જઈને પણ મદદ કરે છે. કેટલાક વિસ્તારોના સન્માન સમારોહ બાકી છે. જે જાન્યુઆરી-૨૦૨૬ સુધીમાં પુરા કરીએ. મેડિકલ 'બી' પોલિસીમાં વધુ મિત્રો જોડાય એવી આશા રાખીએ. મેડિકલ બીલમાં નક્કી કરેલ કેપમાં વધારો થાય, સબસીડીમાં વધારો થાય, જીએસટી માટે ઈસ્યુ ચાલે છે. આપણી રજુઆતને પગલે ગવર્નમેન્ટ ગ્રુપ પોલિસીમા જીએસટી ઘટાડશે તેમ આશા છે. ફેમિલી પેન્શનરો વધુ ને વધુ પોલિસી મેળવે તે પ્રમાણે કાર્યવાહી કરવી પડશે. આપણાં કુલ ૧૭૦૦૦ પેન્શનરોમાંથી ૧૫૦૦૦ પોલિસી પહોંચાડવાનો નિર્ધાર છે. અંતમાં ફરી એકવાર સૌનું સ્વાગત કરીને વક્તવ્ય પુરૂં કર્યુ.



ખાસ આમંત્રિત એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના પૂર્વ જનરલ સેક્રેટરી **શ્રી હેમંતભાઈ આચાર્યએ** જણાવ્યું કે નવી ટીમ મહત્વપૂર્ણ કાર્યશૈલી દ્વારા પેન્શનરોના પ્રશ્નોનું નિરાકરણ કરી રહ્યાં છે. સૌ સાથે મળીને કામ કરી રહ્યાં છે. એસબીઆઈપીએને નવી ઉંચાઈએ લઈ ગયા છે તે માટે હાર્દિક અભિનંદન. વડોદરા ખાતે બીજી ઈસી મિટીંગ થઈ રહી છે. સંસ્થાના બેનરને ધ્યાનમાં રાખી કામ કરી રહ્યાં છીએ. જેનો અમને ખૂબ જ આનંદ થાય છે. આજે આપની સમક્ષ મને મારૂં મંતવ્ય રજુ કરવાનો મોકો મળ્યો ત્યારે જણાવીશ કે આપણાં સર્કલમાં એક બીજું સમાંતર સંગઠન ઉભું થઈ રહ્યું છે. ઈલેક્શન આવે ત્યારે વાતાવરણ ડહોળવાના પ્રયત્નો થાય. ત્યાંના પદાધિકારીઓ પદ માટે આપણે ત્યાં ઉભા ન રહે તે માટે પાણી પહેલાં પાળ બાંધી હોય તો સારૂં. અત્યારે બિનકાર્યક્ષમતા સામે વજુદ ઉભું કર્યું છે. તેમણે ઉમેર્યું કે નવા સભ્યો બનાવો ત્યારે બીજે ક્યાંય સભ્ય ના હોય તેની બાંહેધરી આપે તે પ્રમાણે કાર્યવાહી કરવા આ મારૂં સુચન છે. આખી ટીમે માઈલ સ્ટોન ઊભા કર્યા છે. ડિસેબલ ચાઈલ્ડના કેસોમાં સફળતા માટે અભિનંદન. અમારી જ્યાં પણ જરૂર પડે અમે હાજર રહીશું. હંમેશાં આપની સાથે જ છીએ.





**શ્રી ભરતસિંહ ચૌહાણે** જણાવ્યું કે અમને આજના કાર્યક્રમ માટે આમંત્રિત કર્યા તે માટે તમામનો આભાર. પ્રમુખ શ્રી આર. એન. ચોક્સીને જન્મ દિવસની હાર્દિક શુભેચ્છા. આ વર્ષે આપણાં સર્કલના જનરલ સેક્રેટરીએ ફેડરેશનમાં પદ પ્રાપ્ત કર્યું. આ સિદ્ધિ માટે અભિનંદન. ત્રણ વર્ષે પહેલાં ઈલેક્શનમાં નવી બોડી આવી. તે સમયે લોકો સાથે વાત કરી અને નવા લોકો લાવો તે બાબતને અનુમોદન મળ્યું. દરેક જગ્યાએથી નવી બોડી દ્વારા ખૂબ સારા કામ થાય છે. તે બાબતના ફીડબેક મળી રહ્યાં છે. સૌ સાથે મળીને સારા કામ કરી રહ્યાં છો. વધુમાં હેમંતભાઈના સુચનને હું ટેકો આપું છું. દરેક ડિસ્ટ્રિક્ટમાં ડિસ્પેન્સરી થાય તે જરૂરી છે. કાર્યમાં વિકેન્દ્રિકરણ થાય તો લોકોને રાહત થતી હોય છે. તે ઉદાહરણ દ્વારા સમજાવ્યું. એના ઉપર ધ્યાન દોરવું જરૂરી છે.



અમદાવાદ મોડ્યુલના પ્રભારી જોઈન્ટ જનરલ સેક્રેટરી **શ્રી કાન્તીલાલ પરમારે** સૌ પ્રથમ પ્રમુખશ્રી આર. એન. ચોક્સી સાહેબને જન્મ દિવસની અગણિત શુભકામનાઓ પાઠવી. વધુમાં તેમણે અમદાવાદ એડમિન ઓફિસની કામગીરી વિશે જણાવ્યું કે અમદાવાદ એડમિન ઓફિસની કામગીરી એસો.ના હેડક્વાટર સાથે જોડાયેલી છે. અહીંની તમામ એક્ટિવિટી જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી અને પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી સાહેબના નેતૃત્વમાં અને માર્ગદર્શન હેઠળ થઈ રહી છે. દર મહિને અમદાવાદમાં મંથલી મિટીંગનું આયોજન કરવામાં આવે છે. જેમાં સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરો તથા પેન્શનર્સને ઉપયોગી કાર્યક્રમ કરવામાં આવે છે. તદ્‌ઉપરાંત લાઈફ સર્ટીફીકેટ સબમિટ કરવાની કામગીરી થઈ રહી છે. મેડિકલ 'બી' પોલિસીના રિન્યુઅલની કામગીરી પણ ખૂબ જ સરસ રીતે થાય છે. અને અન્ય સોશ્યલ એક્ટિવીટી પણ સતત કરવામાં આવે છે. આનંદ રાઠી, પેરેમાઉન્ટ ટીપીએ, ઈ-ફાર્મસી સાથે પેન્શનરોના મેડીકલ બીલોના પ્રશ્નો, દવાઓના પ્રશ્નો વિગેરે માટે સમયાંતરે મિટીંગનું આયોજન પણ કરવામાં આવે છે. આમ અમદાવાદ સેન્ટર એ આપણાં સર્કલનું મહત્વનું સેન્ટર છે. એમ જણાવી વક્તવ્ય પુર્ણ કર્યુ.



ગાંધીનગર મોડ્યુલના પ્રભારી વાઈસ પ્રેસિડેન્ટ **શ્રી ચિંતકભાઈ પટેલે** જણાવ્યું કે સમયે સમયે દરેક મોડ્યુલના કામ થતા રહે છે. ગાંધીનગર મોડ્યુલમાં દરેક ડિસ્ટ્રીક્ટમાં જેવા કે, પાલનપુર, મહેસાણા, હિંમતનગર, પાટણ, ગાંધીનગર શહેર અને જિલ્લાઓમાં મોડ્યુલ ડીજીએસ શ્રી વસ્તાભાઈની આગેવાનીમાં કાર્યો કરી રહ્યાં છે. આપણને મેનેજમેન્ટ તરફથી સારો સપોર્ટ મળે છે. જુદા જુદા પેન્શનરોના કિસ્સા જણાવી થયેલ કામોની માહિતી આપી. ત્રણ જિલ્લામાં બાકી રહેલ મિટીંગ જાન્યુઆરી-૨૦૨૬માં થઈ જશે એમ જણાવ્યું.



**સુરત** મોડ્યુલના પ્રભારી વાઈસ પ્રેસિડેન્ટ **શ્રી પી. જી. પારઘીએ** જણાવ્યું કે પ્રથમ તો શ્રી ચોક્સી સાહેબને જન્મ દિવસના ખૂબ ખૂબ અભિનંદન.

સુરતની અંદર હમણાં આપણે પેન્શનર્સ મિત્રોનું અધિવેશન બોલાવ્યું. જેમાં એસબીઆઈપીએનાં દેખાવ અતિઉત્તમ રહ્યો છે. જેમાં ડીજીએસ શ્રી રાજુભાઈ અને ટીમ સુરત મોડ્યુલના મિત્રોનો સિંહ ફાળો રહ્યો છે.

શ્રી ભરતભાઈ ચૌહાણે જે સમાંતર પ્રવૃત્તિ કરતા સંગઠનનો ઉલ્લેખ કરેલ છે. જેનો એક લેગ અમદાવાદ અને બીજો લેગ સુરતમાં હોવાને કારણે એસબીઆઈપીએની એક્ટિવીટીમાં જોઈએ એવી સરળતા ન રહે એ સ્વાભાવિક છે. જેથી ટીમ સુરત મોડ્યુલનો સંઘર્ષ વધે એ સમજી શકાય તેમ છે.

જ્યારે આપણે ૨૦૨૩માં લડતનાં મંડાણ કર્યા ત્યારે ધ્યેય માત્ર જીત મેળવવાનો હતો. જેના કારણે આંતરિક સમાધાનની ભાવના પ્રબળ હતી.

હવે જ્યારે આપણે Fag end of tenour છીએ ત્યારે આપણા અંદરો-અંદર કોઈ "મનમોટાવ" દેખાય તો તેનો નિવેડો સામ-સામે બેસીને લાવવો કે જેથી અન્ય તત્ત્વોને આવા પ્રસંગે હવા નાંખવાની તક ન મળે અને સંસ્થા તો જ ટકે. આપણે આપણા સકારાત્મક પાસાનો બહોળો પ્રચાર અને પ્રસાર કરી આ સંસ્થા વધુ મજબૂત બને એ જોવાની અહીં બેઠેલ દરેકે દરેક વ્યક્તિની પ્રાથમિક ફરજ છે અને બને છે. ભાવનગરના ઈસી મેમ્બર શ્રી દુસેજાએ ત્યાંના એડમિનના સહકારનો જે ચિતાર આપ્યો એ જોઈએ તો ભાવનગરની અંદર ઓફિસ મેળવવી એ અઘરી વાત હતી. જે કમાલ જ કરી શકે. ઉપરાંત ફેડરેશનનાં સેક્રેટરી શ્રી નડાફ સાહેબ સાથેનાં એના વ્યક્તિગત સંબંધો અને એની કુનેહને કારણે આપણા સર્કલને વધુ ફાયદો અને લાભો મળી શકે એમ છે. શ્રી નડાફ સાહેબના આવ્યા પછી પેન્શનર્સ ફેડરેશન અને કોર્પોરેટ ઓફિસ વચ્ચે પ્રથમવાર સ્ટ્રક્ચર મિટીંગ થઈ, જે બતાવે છે કે આપણી નેતાગીરી અને મેનેજમેન્ટ વચ્ચે તાલમેલ છે, જેના થકી આપણે પેન્શનર્સ મિત્રોને શક્ય એટલા વધુ લાભો આપાવી શકીએ.



**રાજકોટ** મોડ્યુલના પ્રભારી જોઈન્ટ જનરલ સેક્રેટરી **શ્રી રમણ વાઘેલાએ** પ્રમુખશ્રી આર. એન. ચોક્સીને શુભેચ્છાઓ સાથે વાતની શરૂઆત કરી. રાજકોટ મોડ્યુલના ડીજીએસ શ્રી શરદભાઈ દવે અને તેમની ટીમની કામની પ્રવૃત્તિની એટલી બધી વ્યાપક છે કે અહીં વર્ણવવી શક્ય નથી. તેમની ટીમ દ્વારા દિવાળીના પર્વને અનુલક્ષી બાંધકામ ક્ષેત્રના શ્રમિકોના બાળકો માટે ૧૫૦૦ પેકેટ મિઠાઈની વહેંચણી કરી તે બદલ અભિનંદન. આપણા ગુજરાતના જ અને દેશના લોખંડી પુરૂષ સરદાર પટેલની જન્મ જ્યંતિની ઉજવણી કરી આવા પ્રકારના કાર્યો શરદભાઈ દવે દ્વારા ચાલુ જ હોય છે તેમ જણાવ્યું.



**ભાવનગર** મોડ્યુલના પ્રભારી જોઈન્ટ જનરલ સેક્રેટરી **શ્રી ગુણવંત પટેલે** જણાવ્યું કે નવી ટીમના ત્રણ વર્ષના લેખાજોખા કરવાનો સમય છે. નવી ટીમ દ્વારા સમય જોયા વગર ચૂંટણી વખતે આપેલા વચનોમાં ૮૫% થી ૯૦% પૂર્ણ કરેલા છે. સૌથી અઘરા કામોને સરળતાથી પૂર્ણ કરતા હોઈએ છીએ. મ્યુચ્યુલ વેલફેર સ્કિમમાં નિવૃત્તિ સમયે છેલ્લા મહિનામાં કપાત નહીં થવાથી ઉદ્દ્ભવેલા પ્રશ્નોનું નિરાકરણ માટે પ્રયાસ ચાલું છે. મોડ્યુલમાં નવા સભ્યો કરવામાં આળસ કરવી નહીં. અથાગ પ્રયત્નો અને રજુઆતને કારણે બેન્ક દ્વારા એસબીઆઈ ટ્રીબ્યુટની સ્કિમ આવી. શ્રી ભરતભાઈ, શ્રી દુસેજાભાઈ અને ટીમ સારી કામગીરી કરે છે એવા મેસેજ આવતા હોય છે. ટીમવર્કથી આગળ વધતા રહીશું. ફેડરેશનમાં નવી ટીમના નિર્માણમાં આપણાં સર્કલનો ખાસ કરીને શ્રી કમાલભાઈનો અગ્રિમ ફાળો રહ્યો છે. એણે આપણું મોટું વજન ઊભું કર્યું છે. કોર્પોરેટ લેવલે ફોન કરે અને કામ થઈ જાય છે.



**સુરત** મોડ્યુલના ડીજીએસ **શ્રી રાજુભાઈ દેસાઈએ** જણાવ્યું કે મોડ્યુલમાં છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષ દરમિયાન કોઈ પ્રવૃત્તિ થતી નહોતી. ૨૦૦૮ અન્ય કેસોમાં એરીયર્સ અપાવીને શ્રી ભાવસારભાઈના કેસમાં આપણા જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈના પ્રયત્નોથી માતબર રકમ મળી છે. વલસાડ, નવસારી, વ્યારા વગેરે ડિસ્ટ્રીક્ટમાં મિટીંગો થતી રહે છે. સુરતની મિટીંગને ભવ્ય સફળતા સાંપડી છે. સુરતની મિટીંગમાં જે પેન્શનર્સ મિત્રોનું સન્માન કરવામાં આવેલ અને સંજોગોવસાત્ મિટીંગમાં ગેરહાજર રહેલા સભ્યોને તેમના નિવાસ સ્થાને ફરી ફરીને સન્માન કરેલ છે. બારડોલી અને વ્યારામાં સભ્યો બનાવવામાં આવ્યા. મેમ્બરશીપ આપણી સાથે છે. સુરતમાં પણ મોટાભાગના આપણાં મેમ્બર્સ છે. વલસાડથી અઠવાડિયામાં બે વાર સુરત જાઉં છું. શ્રી અશ્વિનભાઈ રાઠોડ સુરતની ઓફિસ રોજ સંભાળે છે. ૨૧મી નવેમ્બરે કોકિલાબેન અંબાણીના સહયોગથી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.



ડીજીએસ **ભાવનગર** મોડ્યુલ **શ્રી ભરતભાઈ ભટ્ટે** તેમના વક્તવ્યમાં જણાવ્યું કે મારી પહેલી પ્રાયોરીટી પેન્શનર્સ એસો.ને આપું છું. અગાઉની ઈસી મિટીંગ બાદ ૧૨માંથી નવા આઠ મેમ્બર્સ બન્યા છે. નવા મેમ્બર્સ બનાવવાના પ્રયત્નો ચાલુ છે. બે વ્યક્તિની એસઆઈ આવી છે. દર મહિને યોજાતી મંથલી મિટીંગની વિગતવાર માહિતી આપી. ખાસ કરીને ભાવનગરમાં પ્રથમવાર એસબીએસના નિવૃત્ત પેન્શનરો દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું તેની પણ માહિતી આપી.



**વડોદરા** મોડ્યુલના ડીજીએસ શ્રી સુધીરભાઈ જાની વતી કમિટી સદસ્ય **નયનાબેન શેલતે** જણાવ્યું કે શરદોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૪૦૦ થી ૫૦૦ પેન્શનરોની હાજરીએ કાર્યક્રમને રોમાંચક બનાવ્યો. શ્રી ચોક્સીસાહેબના નેતૃત્વ હેઠળ અને ટ્રાઈ કલર હોસ્પિટલના સહયોગથી સીબીપીઆરઓના બેનર નીચે સ્નેહમિલન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૯૦૦થી વધુ મેમ્બરોએ ભાગ લીધો હતો. ટ્રાઈ કલર હોસ્પિટલના ડોક્ટરોએ સરળ ભાષામાં સમજણ આપી હતી. નવી મેમ્બરશીપ અને લાઈફ સર્ટીફીકેટમાં સુંદર કામગીરી ચાલી રહી છે. ૭૦ વર્ષથી વધુ વય અને લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતિઓને અને ૯૦ વર્ષથી વધુ વય પુરા કરનાર વડીલોને તેમના નિવાસ સ્થાને થઈ સન્માન કરવામાં આવ્યું. સ્ટેચ્યુ ઓફ યુનિટીની એક દિવસની યાત્રા કરવામાં આવી. ડિસ્પેન્સરી વડોદરામાં ચાલુ છે. સાથે ટ્રાય કલર હોસ્પિટલ દ્વારા કન્સલટેશન પણ કરવામાં આવી રહ્યું છે.



**રાજકોટ** મોડ્યુલના ડીજીએસ શ્રી શરદચંદ્ર દવેવતી કમિટી સદસ્ય **શ્રી દક્ષિણ જોશીએ** સૌ પ્રથમ શ્રી ચોક્સી સાહેબને જન્મ દિવસની શુભકામનાઓ પાઠવી. જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈના પ્રયત્નોથી ડિસેબલ ચાઈલ્ડના કેસનું એપ્રુવલ મળી ગયું છે. ટ્રીબ્યુટના કેસમાં ત્વરિત ચેક તેમના પરિવારને અર્પણ આવી રહ્યાં છે. ઈન્સ્યોરન્સના કેસોમાં હેડક્વાર્ટરનો કોન્ટેક્ટ કરીને નિરાકરણ લાવીએ છીએ. રાજકોટ ખાતે અમારા માર્ગદર્શક શ્રી અનુપમભાઈ દોશીના સહયોગથી દિવાળી પર્વ નિમિત્તે ગરીબ બાળકોને મિઠાઈના ૧૫૦૦ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું. કોર્પોરેશનની સીટી બસમાં ફ્રી પાસ (આઈકાર્ડ) કાઢવામાં મદદરૂપ થયેલ છે. લેવીનું લીસ્ટ મળી ગયું છે. બાકી સભ્યો પાસે ઝડપથી કાર્યવાહી કરી કરીશું. મોરબીમાં દર મંગળવારે ગાર્ડનમાં મંથલી મિટીંગનું આયોજન કરવામાં આવે છે.

**ગાંધીનગર** મોડ્યુલના ડીજીએસ **શ્રી વસ્તાભાઈ વણકરે** જણાવ્યું કે નવી ટીમની અંદર હેડ ક્વાર્ટર લેવલથી એજન્ડામાં પ્રસારીત કરવામાં આવેલ મોટાભાગની કામગીરી પૂર્ણ થયેલ છે. ગાંધીનગર મોડ્યુલમાં હેડ ક્વાર્ટરની





અંદરથી સળગતો હોય તેને શોધી તેની સાથે બેસવા જજો, સળગાવ્યા પછીના બેસણા તો વેસ્ટ ઓફ ટાઈમ છે...!!

સુચના મુજબ પેન્શનરો કામો બાબતે પ્રયત્નો કરી રહ્યાં છીએ. એક નિવૃત્ત રિટાયર્ડ આમ ગાર્ડના પ્રશ્નની વાત કરી. સમાધાન પખવાડામાં બાકી પ્રશ્નો બાબતે સીએમ (એચઆર)ને રજુઆત કરેલ છે. હિંમતનગર શાખાના મેસેન્જરની રજુઆતને ધ્યાનમાં કમ્પસમેન્ટ એપોર્ટમેન્ટ માટે જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈને વાત કરી તે પણ થઈ જશે. ડિસેબલ ચાઈલ્ડનો માલપુરનો એક કેસ પેન્ડીંગ છે. જેની રજુઆત પણ કરેલ છે. હમણાં જ અરલ્લીમાં પેન્શનરોની મિટીંગ કરી. બેન્કના સરક્યુલર પ્રમાણે જરૂર ફોર્મ સબમીટ કરાવ્યા. લાઈફ સર્ટીફીકેટમાં ફેમિલી પેન્શનરોના મોટાભાગના સભ્યોના કામ પૂર્ણ કરેલ છે.



જનરલ સેક્રેટરી **શ્રી કમાલ કાદરીએ** સૌને આવકારી તથા શ્રી આર. એન. ચોક્સીને જન્મ દિવસની શુભકામનાઓ પાઠવી વક્તવ્યની શરૂઆત કરી. ઈ-એસબીએસમાં શ્રદ્ધાંજલિ સ્કિમ માટેની આપણી પહેલ હતી. એસબીઆઈના નવા ચેરમેનને પેન્શનર્સ પ્રત્યે આત્મિયતા છે તેની પહેલી પ્રતીતિ ટ્રિબ્યુટના રૂા. ૧૦,૦૦૦/-ની સામે સીધા રૂા. ૩૦,૦૦૦/- કરી આપ્યા. દિવાળીના સમયમાં કોર્પોરેટ સેન્ટર ખાતે સ્મોલ કમિટીની મિટીંગમાં ગયા હતા ત્યારે ચેરમેનને રજુઆત કરી માત્ર ૧૫ મિનિટમાં જ કન્સીડર કર્યું. અમદાવાદની ડિસ્પેન્સરીની વાત કરતાં કહ્યું કે એલએચઓ ગાંધીનગર શિફ્ટ થવાથી ડિસ્પેન્સરી પણ ગાંધીનગર શિફ્ટ થઈ. અમદાવાદમાં ત્રણ ડિસ્પેન્સરી તે સમયે હતી, હાલમાં બે જ છે. ત્રીજી ડિસ્પેન્સરી માટે વાત થયેલ છે. પેન્શનર્સ કરતાં વર્કિંગ સ્ટાફ માટે વધુ ઉપયોગી છે. દવાઓની સ્ટોકીંગ પેટર્નની વાત કરતાં કહ્યું કે માવાણીભાઈને સેલ્યુટ કરીશ. જે દવા ડોક્ટર્સ લખી આપે છે તે જ પ્રમાણે અપાવે છે. ડિઝિટલ ફેસેલિટી મળે છે. અમદાવાદ સર્કલમાં ૨૬ ડિસ્પેન્સરી અવેલેબલ છે. બેન્કના પ્રોફિટના ૩% વધુમાં વધુમાં વધુ ૧૫૦ કરોડ પ્રોવિઝન કરવામાં આવે છે. ડિસ્પેન્સરીમાં મેડીકલ ઓફિસર બાબતે જણાવતાં કહ્યું કે પાર્ટ ટાઈમ મેડિકલ ઓફિસર હોય તે માટે વાંધો નથી. કેરાલા સર્કલ એક જ એવું છે જ્યાં આરબીઓ લેવલે ડિસ્પેન્સરી છે. નવું કરવા માટે કોર્પોરેટ સેન્ટરના પાવર છે. વલસાડ અને અમદાવાદને ડિસ્પેન્સરી મળશે. ગિરસોમનાથની વાત અલગ છે. બીજા સેન્ટર તથા બરોડાની આજુબાજુના વિસ્તારના પેન્શનરો બરોડા આવે તે માટે બેન્ક તૈયાર છે. નડિયાદ વાળા અમદાવાદ આવવા તૈયાર હોય તો આ ફેસીલિટી ત્યાં પણ અવેલેબલ છે. ગાંધીનગરના લેબ અને સોનોગ્રાફી માટે અમદાવાદ આવે. ભાવમાં ૧૫% વેરીયેશન નાના સેન્ટરો પર છે. અમારો એગ્રેસિવ રોલ ડિસ્પેન્સરી પર છે. ફેડરેશનમાં જનરલ સેક્રેટરી શ્રી નડાફના આવતાની સાથે પેન્શનમાં એનહેન્સમેન્ટ, મેડિકલ ટોકીંગ પેટર્ન વિગેરે બાબતોમાં ઝડપથી પરિણામ મળશે. ઈન્વોલમેન્ટ રાખશો તો તેનું ફળ મળશે. બેન્કે કહ્યું કે જેનરિક દવાઓ વાપરો. ક્વોલિટી દવાઓ મળવી જોઈએ. બેન્ક બહું સારૂં કરવા જઈ રહી છે. દરેક શહેરમાં કોર્પોરેટ હોસ્પિટલને આપણી જરૂર છે. સારા એવાં પેન્શનર્સ અને વર્કિંગ સ્ટાફ ઉપયોગ કરે છે. પેરેમાઉન્ટ ટીપીએ સાથે ખુશ છીએ. વધારેમાં વધારે હોસ્પિટલો લાવીશુ. શ્રી કારીયાભાઈની રજુઆત બાબતે ગિરસોમનાથમાં પણ ટાયઅપ કરીશું. હાલમાં ચાલતા લાઈફ સર્ટીફીકેટ સબમિટ કરવામાં એચઆરએમએસના ઈસ્યુ આપણાં સર્કલના કારણે જ હલ થયા છે. લાઈફ સર્ટીફીકેટમાં શરૂઆતમાં ત્રણ દિવસમાં ફોટા અપલોડ નહોતા થતાં. હાલમાં માત્ર ૨૦ થી ૩૦ સેકંડમાં જ વિડિયોબેઝ લાઈફ સર્ટીફીકેટ સબમીટ થઈ જાય છે. લાઈફ સર્ટીફીકેટમાં ૭૫% કામ પતી ગયું છે. દવાઓ મેળવવામાં ઈ-ફાર્મસીમાં સ્ટોર પિકઅપ કરાવી શક્યા છીએ. ઈ-ફાર્મસીમાં રૂા. ૧૨૦૦૦/-નું બેલેન્સ પતી ગયા પછી કંપની દ્વારા ૨૦% ડિસ્કાઉન્ટ મળશે. પ્રયત્ન એવા છે કે એ પણ સ્ટોર પિકઅપમાં આવે. મેડીકલમાં કોઈ ઈસ્યુ હોય તો જણાવશો. ટીમને એક જ વિનંતી છે કે 'બી' પોલિસીમાં આપણે ૭૫% સુધી પહોંચીશું. રિન્યુઅલ આવી રહ્યું છે. સુરતમાં થોડું ઓછું છે એમાં વધારવાનો પ્રયત્ન કરીએ. એચઆરએમએસમાં પહેલી વાર ફેમિલી પેન્શનર્સનું વિડિયો બેઝ લાઈફ સર્ટીફીકેટ થઈ રહ્યું છે. શ્રી બી. કે. પરમારભાઈએ કહ્યું મોબાઈલથી અપડેટ થતું નથી. લેપટોપ પર થઈ જાય છે. એ ફેસિલિટી પણ થઈ જશે. બ્રાન્ચમાં ક્યું નહોતી દેખાતી તેને કોર્પોરેટ મેનેજમેન્ટે સોલ્વ કરી. ડિસેબલ ચાઈલ્ડના કેસોમાં બેન્કના નોમ્સ પ્રમાણે ચાર કન્ડિશન ફૂલફીલ કરવી પડશે. એમાં કોઈપણ એક પ્રુફ આપવું પડશે. બે સિવાય બાકીની બધી એપ્લિકેશન એપ્રુવ્ડ થઈ ગયેલ છે. ચાર ડિસેબલ બાળકોને પેન્શન પણ ચાલું થઈ ગયેલ છે. રાજકોટના કેસમાં માતા-પિતા એક્સપાયર્ડ થઈ ગયા છે. એવા કેસોમાં ફેમિલી મેમ્બરમાંથી લીગલ ગાર્ડીયન એપોઈન્ટમેન્ટ કરવા પડશે. ડીસેબલ ચાઈલ્ડના કેસોમાં બીજા સર્કલમાંથી અમને પૂછવામાં આવે છે. આવા કેસોમાં દુવાઓ મોટી છે. નોબલ કામ છે. આમાં જે પણ ઈસ્યુ હોય તો મને મોકલશો. આ વખતે 'બી' પોલિસીના પ્રિમિયમમાં ૫% ટકાનો વધારો જોવા મળશે. ફેડરેશનની રજુઆતને કારણે જીએસટીનો લાભ પણ મળશે. આપણી આગામી એજીએમ તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ સોના પાર્ટી પ્લોટ, વડોદરામાં થવા જઈ રહી છે. આપ આ મિટીંગમાં તમામ શહેરોમાંથી વધુમાં વધુ લોકો આવે અને ખાસ નજીકના સેન્ટરોની જવાબદારી વધું રહેશે. સર્કલ સીએમસી હાજર રહેશે. આપણી યુનિટી બતાવવાનો એક રૂડો અવસર છે. હજું ઘણાં બધા ઈસ્યુ છે. રિસ્ટોરેશન હોય

તો મેનેજમેન્ટ પણ આપણી પાસે ઓકે કરાવે છે. મહિનામાં ચાર-પાંચ કેસ આવતાં જ હોય છે. સોશ્યલ એક્ટિવીટીમાં વડોદરા ખાતે પ્રમુખશ્રીની આગેવાનીમાં આશ્રમ શાળાના બાળકો માટે એક્ટીવીટી થવા જઈ રહી છે. રાજકોટમાં શ્રી અનુપમભાઈ દ્વારા ખૂબ એક્ટિવીટી સારી થઈ રહી છે. ભાવનગરની ટીમ પણ સુંદર કામ કરી રહી છે. વડોદરા અને અમદાવાદમાં ગરબાના કાર્યક્રમમાં લોકોએ ભરપુર આનંદ મેળવ્યો. રેડક્રોસમાં થેલેસેમિયાનો પ્રોગ્રામ કર્યો ત્યાર બાદ લોકો સામેથી ડોનેશન આપી રહ્યાં છે. ૪૦% થી ૫૦% પેન્શનમાં થયેલો વધારો અને એક્સગ્રેસિયાની બાકી રકમ માટે કામ કરશો. દરેક સર્કલમાં પેન્શનર્સના ગેસ્ટ હાઉસ બની રહ્યાં છે. દ્વારકામાં ૬ રૂમ છે. ત્રણેય ઓર્ગેનાઈઝેશન બે રૂમ લે. એવી ગોઠવણ કરવા જઈ રહ્યા છીએ. આપણા એસોસિયેશન માટે બે રૂમ માટે હાઉસની પરમિશન મેળવી રહ્યો છું. ફરી એક વાર તમામ કમિટી મેમ્બર્સને એજીએમને સફળ બનાવવા, પોતાનું યોગદાન આપવા આહ્‌વાહન કરીને આભાર વ્યક્ત કર્યો.

પ્રમુખશ્રીએ એજન્ડા મુજબની કાર્યવાહી દરમિયાન કારોબારી સભ્યો સર્વશ્રી રમેશ દુસેજા, મુકેશ કારીયા, માવાણી સાહેબ, બી. કે. પરમાર અને શ્રી પ્રવિણભાઈ વૈદ્યે ચર્ચામાં સક્રિય ભાગ લઈ સુચનો કર્યા અને એજન્ડાઓ પૂર્ણ થતાં મિટીંગને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

સમગ્ર મિટીંગનું સફળ સંચાલન **શ્રી કાન્તીલાલ પરમાર**, જોઈન્ટ જનરલ સેક્રેટરીએ કર્યું.

## આમંત્રણ

પ્રિય પેન્શનર્સ મિત્રો,

એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન ગાંધીનગર સર્કલની **પેન્શનર્સ મીટ તથા વાર્ષિક સાધારણ સભા** તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ સોના પાર્ટી પ્લોટ, વડોદરા મુકામે યોજાઈ રહી છે. **તારીખ : ૧૧-૦૧-૨૦૨૬ના કાર્યક્રમની વિગત**

| | | | |
|---|---|---|---|
| સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ | મ્યુઝિકલ પ્રોગ્રામ | બપોરે ૦૧.૩૦ થી ૦૨.૩૦ | લંચ બ્રેક |
| સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ | રજિસ્ટ્રેશન અને અલ્પાહાર | બપોરે ૦૨.૩૦ થી કાર્યક્રમના અંત સુધી | વાર્ષિક સાધારણ સભા |
| સવારે ૧૧.૦૦ થી ૦૧.૩૦ | પેન્શનર્સ મીટ | સાંજે ૦૪.૩૦ કલાકે | હાઈ-ટી |

ગુજરાતના દરેકે દરેક ખૂણામાંથી પેન્શનર્સ મિત્રો પધારવાના છે. આપ પણ આપના મિત્રો સાથે જરૂરથી પધારશો.

હૃદયપૂર્વકનું નિમંત્રણ સ્વીકારશો.

આ રૂડા અવસરને માંણવા, નિહાળવા રખે ચૂકતાં ! આતૂરતાથી આપની પ્રતિક્ષામાં...

**કમાલ કાદરી**-જનરલ સેક્રેટરી **ટીમ**-એસબીઆઈપીએ **રમેશ ચોક્સી**-પ્રમુખ

# રસપ્રદ અને માહિતીપૂર્ણ ઘટનાઓ ડોક્ટરના મુખેથી...

Q રમેશભાઈ ઓછું દેખાતું'તું અને આંખમાંથી પાણી પડતું'તું એટલે આંખના ડોક્ટરને બતાવવા ગયા. એમના મનમાં ગૂંચવણ એ હતી કે એમણે ૪ જુદી જુદી જગ્યાએ બતાવ્યુ હતું. અને નિદાનમાં સહેજ સહેજ ફરક આવતો'તો. એ પોતે ગૂંચવાઈ ગયા'તા કે અમુક ડોક્ટર એમને એવું કહ્યું કે એમને મોતિયો છે અને ઓપરેશન કરાવવું જોઈએ. અને અમુક ડોક્ટર એવું કહે છે કે હાલ કઈ ખાસ ઓપરેશનની જરૂર નથી. તો રમેશભાઈ એ શું કરવું જોઈએ?

A આવા ઘણા દર્દી આવે છે કે જે ગૂંચવાયેલા હોય છે. આમાંથી એક પણ જવાબ ખોટા નથી. નિર્ણય દર્દી અને તેમના ડોક્ટરે સાથે મળીને કરવો જોઈએ. આંખમાં એક લેન્સ છે કે જે કેમેરાની જેમ ફોટા પાડે છે. ઉંમરની સાથે સમયની સાથે અંદરનો આ ફોટા પાડવાવાળો લેન્સ દૂધિયો થતો જાય છે અને જોવાનું ધીમે ધીમે ઝાંખું થતું જાય છે.શરૂઆતમાં ઓછા પ્રકાશમાં અને સામેથી લાઈટ આવે ત્યારે જોવાની વધારે અગવડ પડે છે. જે લોકોની એકદમ એક્ટિવ લાઈફ હોય,વહેલી સવારે કે સમી સાંજે વાહન ચલાવવું પડતું હોય અથવા તો વાહન ચલાવવાનો વ્યવસાય હોય એ લોકોએ આ સમયે ડોક્ટર સાથે મળી અને અદ્યતન ટેકનોલોજી સાથે આંખનું ઓપરેશન કરવી લેવું જોઈએ. કેટલાક મોતિયા ઉંમર સાથે ધીમે ધીમે વધ્યા કરે છે જેવા કે ન્યુક્લિયર કેટરેક્ટમાં શરૂઆતમાં જોવાની બહુ તકલીફ નથી પડતી. ચશ્માના નંબર ચેન્જ કરી અને મોતિયાના ઓપરેશનને પાછું ઠેલવી શકાય છે. અલબત્ત જેમ ઉંમર સાથે વધે છે, માથાના વાળ સફેદ થાય તેમ મોતિયો સમય સાથે વધે જ છે. પરંતુ થોડા ઘણા અંશે ઝાંખું થવાની સમસ્યાને યોગ્ય ચશ્મા આપીને નિભાવી શકાય છે અને મોતિયાના ઓપરેશનને પાછું ઠેલવી શકાય છે. પણ આવા મોતિયામાં પણ થોડાક મહિનાઓમાં કે થોડાક વર્ષોમાં જોવાનું વધુ ઝાંખું લાગે છે, રસ્તા પરના બોર્ડ ઝાંખા દેખાય છે, પોતાના ઓળખીતા લોકો પણ નજીક આવે પછી ઓળખાય છે. દરેક વ્યક્તિએ એક પછી એક આંખ બંધ કરીને નજર માપવી જોઈએ. જેથી એક આંખે ખાસો એવો મોતિયો વધી જાય ત્યાં સુધી ખબર ના પડે અને કોમ્પ્લિકેશન થાય એવું ના થાય. મોતિયાના ઓપરેશનને વહેલું કરવું પણ જરૂરી નથી અને મોડું થવા દેવું પણ જરૂરી નથી. જો સમયસર અદ્યતન નવીનતમ ટેક્નોલોજીથી મોતિયાનું ઓપરેશન કરવામાં આવે તો તરુણ જેવી સ્પષ્ટ અને ધારદાર નજર પાછી આપી શકાય છે. તરુણને જેમ નજીક-દૂરના કે બેતાળાના ચશ્મા ના હોય, તેવી જ રીતે નવા જમાનાના વડીલો કે જે મોતિયાના ઓપરેશન કરાવે છે તો નેત્રમણીનું પ્રત્યારોપણ જ એવી રીતે કરવામાં આવે કે નજીક-દૂરના ચશ્મા ઉપર બિલકુલ આધાર ના રહે. ઓપરેશનમાં ખુલ્લી આંખે અંદર જવાનું, ખુલ્લી આંખે બહાર આવવાનું, પાટો નહીં, પટ્ટી નહીં, કાળા ચશ્મા નહીં, ઈન્જેક્શન નહીં, બે કલાકમાં રસોઈ પણ કરી શકાય, ટીવી પણ જોઈ શકાય અને વાહન પણ ચલાવી શકાય. બીજા દિવસે મોટા ભાગના લોકો પોતાના રૂટિન કામે ઓફિસ જવાનું કે વાહન ચલાવવાનું કામ ચાલુ કરી દેતાં હોય છે.


ડૉ. તેજલ દલાલ
M.S. (Ophthal.) Member of American Academy
છેલ્લા 20 વર્ષથી SBI પેન્શનરોને સેવા આપી રહ્યા છે.
ગાંધીનગર | વિજય ચાર રસ્તા | ચાંદખેડા | મોડાસા | સાગવાડા
એપોઈન્ટમેન્ટ બુક કરવા માટે
77780 57500
Celebrating 25 of Visionary Care!
TEJ EYE CENTER THE EYE HOSPITAL


Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)
PRE ACCREDITED
• Cataract
• Cornea
• Lasik
• Retina
• Glaucoma
• Oculoplasty
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ
ડૉ. આંશી રાઠોડ
સમય: સવારે 9:00 થી 12:00,
બપોરે 3:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
૯૮૨૪૦૮૬૬૧૧
૦૭૯–૨૬૪૪૬૧૩૩
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

## જીવન પ્રમાણપત્ર તા. ૩૧-૦૧-૨૦૨૬ સુધીમાં સબમીટ કરી શકાશે

## તમામ પેન્શનરો/ફેમિલી પેન્શનરો માટે જીવન પ્રમાણપત્ર (લાઈફ સર્ટીફીકેટ) સબમીટ કરવા અંગે અગત્યની માહિતી

**હાલમાં તમામ પેન્શનરો/ફેમિલી પેન્શનરો માટે ઓનલાઈન વિડિયોબેઝ લાઈફ સર્ટીફીકેટ જમા કરાવવાની કામગીરી ચાલી રહી છે. જે માટે તેમનો ફોટોગ્રાફ એચઆરએમએસમાં અપલોડ કરેલો હોવો જરૂરી છે. આપનું લાઈફ સર્ટીફીકેટ સુરક્ષિત અને સરળ રીતે સબમીટ કરવા માટે નીચેની પ્રોસિજર પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.**

**Facility to submit digital Life Certificate :**

Staff Pensioner can submit Video Life Certificat through HRMS App (hrms.bank.sbi)

ખાસ કરીને ડિઝીટલ લાઈફ સર્ટીફીકેટ **HRMS** એપ **(hrms.bank.sbi)**માં જઈને વિડિયો બેઝ આઈડેન્ટીફિકેશન દ્વારા સબમીટ કરવા માટે નીચેની પ્રોસેશથી જીવન પ્રમાણપત્ર (લાઈફ સર્ટીફિકેટ) સબમીટ કરી શકશો.

**Step-1 :** login to hrms.bank.sbi, with your credentials, Insert OTP

**Step-2 :** Click on Life Certificate tab Select submit Live Certificate you can apply life certificate using Video Life Certificate

**Step-3 :** Start Video recording system will ask you simpal (5) questions. Reply all of them. then submit.

Before submiting, verify your Video recording by pressing play button If Video recorded properly then submit life certificate for year 2025-26.

System will give a massage, Life Certificat submitted successfully.

**Stage-2 : Approval by Bank Officials**

* The Video bassed Life certificate is approved by the designated Bank official at LHO level. SMS and E-mail will sent to your registar mobile. Your Life Certificate apporved for year 01-11-2025 to 31-10-2026.
* In case any further clarification is required, the approving official calls the pensioners on the registered mobile number.
* In case the uploaded "Video Based Life Certificate" cannot be approved for any reasons (viz. poor video quality, incorrect answers given by the pensioner etc.) the approving official rejects it with his remarks/comments. SMS and email is sent to pensioner with the remarks entered by the approving official.

કોઈ પણ પેન્શનર્સ મિત્રને જીવનપ્રમાણ પત્ર (લાઈફ સર્ટીફિકેટ) સબમીટ કરવામાં તકલીફ અનુભવતા હોય તો એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન ઓફિસ, આંબાવાડી, અમદાવાદનો રૂબરૂ અથવા ફોનથી સંપર્ક કરી શકશો. વધુમાં આપનું લાઈફ સર્ટીફીકેટ ઓનલાઈન સબમીટ કરવામાં અમદાવાદ ઓફિસ તથા મોડ્યુલ હોદ્દેદારો મદદરૂપ થશે.

# અમદાવાદને આંગણે યોજાયો યાદગાર કાર્યક્રમ... અદ્‌ભૂત ગરબા...





એસબીઆઈ પેન્શનર્સ એસોશિયેશનના આપણાં જનરલ સેક્રેટરીશ્રીની અમદાવાદમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવાની પ્રબળ ઈચ્છા હતી. જેના માટે વિચારણા ચાલી રહી હતી અને એકદમ જ વિચાર સ્ફૂર્યો કે અમદાવાદમાં ગરબા યોજીએ તો કેવું સારૂં ! આખરે તા. ૧૦-૧૦-૨૦૨૫ના રોજ ગરબાની તારીખ નક્કી કરવામાં આવી. આંબાવાડી જેવા પોશ વિસ્તારમાં આવેલા મ્યુનિપલ કોર્પોરેશનના ભૂદરપુરામાં આવેલ પાર્ટી પ્લોટમાં યોજવામાં આવ્યા. અમદાવાદના પેન્શનરો મિત્રોને ગરબાનો મેસેજ મળતાં જ રજીસ્ટ્રેશન માટે તેઓમાં અદમ્ય ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ જોવા મળ્યું. પેન્શનર્સ એસોશિયેશન દ્વારા અમદાવાદમાં પ્રથમ વાર ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ગરબાના સ્થળે સૌ પ્રથમ વાર પેન્શનરોનો માનવ મહેરામણ ઉભરાયો આ કાર્યક્રમમાં ડો. પ્રતાપ દેસાઈ, આઈ હોસ્પિટલ અને જોન્સન એન્ડ જોન્સન કંપનીનો સહયોગ સાંપડ્યો. ગરબાના કાર્યક્રમના નજરાણાં રૂપે ગરબાના પર્ફોમન્સના આધારે ત્રણ વિજેતાને ઈનામની ઘોષણા કરવામાં આવી હતી. જેના માટે ત્રણ જજની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ડો. સુરોહી શાહ, નયનાબેન શેલત અને દિનાઝબેન કલવચવાલા સામેલ હતા. જેમણે ગરબાના કાર્યક્રમ દરમ્યાન પોતાની કાબેલિયત અને કુશળતાથી વિજેતાઓની યાદી તૈયાર કરી હતી. આ કાર્યક્રમમાં એસબીઆઈપીએના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, ડીજીએસ શ્રી સુધીરભાઈ જાની. બહેનોની ખાસ ટીમ સાથે વડોદરાથી ઉપસ્થિત રહ્યાં હતા. માતાજીની સ્તૃતિ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સુંદર ડેકોરેશને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. વડોદરાની બહેનો દ્વારા પરફોમન્સ ગરબા દ્વારા ગરબાની શરૂઆત થઈ હતી. બહેનો દ્વારા ટ્રેડીશનલ ડ્રેસ અને ગજરાની મહેકતી ખુશ્બુએ વાતાવરણને ભભકાવી દીધું. ઘણાં પેન્શનર્સ ભાઈઓની સાથેઆપણા જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, કાન્તીલાલ પરમાર સાથે કમિટિ મેમ્બર્સ સર્વશ્રી એ. કે. બથવાર, સુભાષ પટેલ, ગરબે ઘૂમ્યા હતા. ઉપસ્થિત પેન્શનરોની વિશાળ હાજરીએ ગરબાને મનભરીને માણ્યો હતો. આ કાર્યક્રમનાં સહયોગી ડો. પ્રતાપ દેસાઈ તથા જોન્શન એન્ડ જોન્શન કંપનીની ટીમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આપણા પ્રમુખ અને જનરલ સેક્રેટરીની સાથે એસોસિયેશનના હોદ્દેદારો વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ચિંતકભાઈ પટેલ, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, સંગઠન મંત્રી શ્રી કે. વી. શાહ, આસી. ટ્રેઝરર શ્રી જગત પટેલ, કમિટિ સદસ્ય સર્વશ્રી એ. કે. બથવાર, સુભાષ પટેલ, જીકેશ પટેલ, આર. વી. મકવાણા, દિનાઝબેન, રેખાબેન સી. ડી. વાઘેલા, રાજુ શાહ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા. ગરબાની વિભિન્ન શૈલીમાં ત્રણતાળી, સનેડો અને અન્ય લોકપ્રિય શૈલીમાં ગરબામાં ઝૂમતા ૬૦ વર્ષથી ઉપરના યુવા પેન્શનરોએ મન ભરીને કાર્યક્રમને માણ્યો હતો. ગરબાના કાર્યક્રમના જજ દ્વારા વિજેતાઓની યાદી આપવામાં આવી હતી. જેમાં વિજેતાઓને ઈનામ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. તાક. એસબીઆઈપીએના હોદ્દેદારો અને એમની પત્નીને ઈનામની કેટેગરીમાં બાકાત રાખવા એવું પહેલેથી જ નક્કી કરેલ.

ગરબામાં ઉપસ્થિત પેન્શનરોએ નવા જોમ અને જુસ્સાની પ્રતિતિ કરાવી હતી. આ ગરબાના કાર્યક્રમની ભવ્ય સફળતાથી પ્રેરાઈ જનરલ સેક્રેટરીશ્રીએ આગામી વર્ષે પણ ગરબાના કાર્યક્રમની જાહેરાત કરી હતી. જોઈન્ટ જનરલ સેક્રેટરીશ્રી કાન્તીલાલ પરમારે ગરબાના કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જનરલ સેક્રેટરીશ્રીએ





અમદાવાદની ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સંગઠન મંત્રી શ્રી કે. વી. શાહની વ્યવસ્થાપન શક્તિએ રંગ રાખ્યો હતો. પેન્શનર્સ પરિવારના શ્રી મુકેશ ખત્રી અને શ્રી કેવી શાહ દ્વારા ગરબાના કાર્યક્રમને ફેસબુક ઉપર જીવંત પ્રસારણ કરેલ.

આ કાર્યક્રમમાં એસબીઆઈ પરિવારના સાથી ઓર્ગેનાઈઝેશન એસબીઆઈ ઓફિસર્સ એસો.ના જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, પ્રમુખશ્રી ચેતન રાઠોડ, સેવાના જનરલ સેક્રેટરી શ્રી પિયુષ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી નિતેશ પરમાર તથા ઓબીસી વેલ્ફેર એસો.ના જનરલ સેક્રેટરી શ્રી નિરલ વૈષ્ણવે ગરબાના કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. યાદગાર અને શાનદાર કાર્યક્રમ ઉપસ્થિત સૌના સ્મૃતિપટ પર અંકિત થઈ ગયો.

## વડોદરાના આંગણે યોજાયો શરદોત્સવ - ગરબાનો ભવ્ય કાર્યક્રમ





એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન, વડોદરા દ્વારા નિયમિતરૂપે દર વર્ષે ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. એસબીઆઈ પેન્શનર્સ એસો.ના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સીના માર્ગદર્શન હેઠળ ડીજીએસ શ્રી સુધીર જાની અને તેમની ટીમ દ્વારા **તા. ૮-૧૦-૨૦૨૫ના રોજ વાંકળ સેવા કેન્દ્ર, વડોદરા** ખાતે શરદોત્સવનો ભવ્ય ગરબાનો કાર્યક્રમ યોજાયો. ગરબાના સ્થળે કરવામાં આવેલી રોશનીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. વડોદરાના પેન્શનર્સમાં ખાસ પેન્શનર્સ મિત્રોના ટ્રેડીશનલ ડ્રેસથી સૌ અભિભૂત થયા હતા. સંગીતના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી. વડોદરાના કમિટિ મેમ્બર નયનાબેન શેલતે બહેનોની આગેવાની લઈને ગરબાને આગવી શૈલી આપી હતી. અમદાવાદથી જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી ગુણવંત પટેલ તથા કમિટી સદસ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ ગરબાના કાર્યક્રમને મનભરીને માણ્યો હતો. પ્રમુખશ્રી ચોક્સી સાહેબ, ડીજીએસ શ્રી સુધીરભાઈ જાની તથા તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન.






Aashu Dental
& Multispeciality Clinic
DR. MANISH B. SHAH
(M.D.S. & EX.PROF., HEAD)
DR. JOLLY M. SHAH
(B.D.S.)
Medical Value
TRAVEL
Award by
FICCI
30 YEARS
OF EXPERTISE
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
ACCREDITED
EMPANELLED WITH : CGHS, ECHS, IIMA, FCI
PRL, ISRO, ONGC, ESIC, WESTERN RAILWAY
Free Dental Consultation &
OPG Dental Scan for all SBI Pensioners
Latest
Technologies
Available
1
1st time
in Gujarat
OPG with CBCT
T2 Machine
(Dental Scan)
FREE DENTAL SCAN*
2 Intraoral Scanner
NAVRANGPURA : Dr. K.K. Shah's Bunglow,
Behind Navrangpura Post Office,
Navrangpura, Ahmedabad - 380009.
MONDAY TO SATURDAY : 09:00 AM - 07:00 PM
In-house ALIGNERS Available
SHELA : B/304, Sky City Arcade, O7 Club Road,
Shela, Ahmedabad.
Morning : 10:00 am - 01:00 pm | Evening : 05:00 pm - 08:00 pm
For more details call on +91 98251 58578

# ઓલ બેન્ક પેન્શનર્સ એન્ડ રીટાયરીઝ પેન્શનર્સ એસોસિયેશનનો સ્નેહમિલન કાર્યક્રમ વડોદરા ખાતે યોજાયો






